For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ગ્રિડ ઇન્ટરેક્ટિવ ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યુએબલ એનર્જી સોર્સિસ રેગ્યુલેશન્સ-2026નો ડ્રાફ્ટ જાહેર

# સોલાર વીજળી બીજા બિલોમાં એડજસ્ટ થશે

**સોલાર** પ્લાન્ટ ગમે ત્યાં હોય તો પણ ફ્લેટધારકો અથવા ભાગીદાર ગ્રાહકો વચ્ચે વહેંચી શકાશે

**એક** જ ગ્રાહકની બીજી પ્રોપર્ટી હોવી જરૂરી, ગ્રાહક પોતાની સોલાર વીજળી સીધી ગ્રીડમાં પણ વેચી શકશે

ગાંધીનગરઃ ગુજરાત વીજ નિયમન પંચ (GERC) દ્વારા "ગ્રિડ ઈન્ટરેક્ટિવ ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યુએબલ એનર્જી સોર્સિસ રેગ્યુલેશન્સ-2026"નો મુસદ્દો (ડ્રાફ્ટ) જાહેર કરવામાં આવ્યો છે. આ નવા નિયમો રાજ્યભરમાં સોલાર સહિતના ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યુએબલ એનર્જી સિસ્ટમ (DRES)ને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. નવા ડ્રાફ્ટ નિયમો અમલમાં આવ્યા બાદ 2016ના "નેટ મીટરિંગ રૂફટોપ સોલાર પીવી ગ્રિડ ઈન્ટરેક્ટિવ સિસ્ટમ" સંબંધિત અગાઉના નિયમો રદ થશે.

ડ્રાફ્ટ મુજબ ગ્રાહકોને પાંચ પ્રકારની વ્યવસ્થાઓ હેઠળ રિન્યુએબલ એનર્જી સિસ્ટમ સ્થાપવાની મંજૂરી આપવામાં આવશે. તેમાં નેટ મીટરિંગ, નેટ બિલિંગ, ગ્રુપ નેટ મીટરિંગ, વર્ચ્યુઅલ નેટ મીટરિંગ અને ગ્રોસ મીટરિંગનો સમાવેશ થાય છે. ખાસ કરીને "ગ્રુપ નેટ મીટરિંગ" (GNM)ની જોગવાઈ સૌથી વધુ ચર્ચામાં છે. આ વ્યવસ્થા હેઠળ ગ્રાહક દ્વારા સ્થાપિત ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યુએબલ એનર્જી સિસ્ટમ (DRES)માંથી ગ્રીડમાં નિકાસ થતી વધારાની સોલાર વીજળીનો લાભ એકથી વધુ વીજ કનેક્શનોમાં મેળવી શકાશે. એક જ ગ્રાહકના સમાન ગ્રાહક વર્ગ ધરાવતા અને એક જ ડિસ્ટ્રિબ્યુશન લાઈસન્સીના કાર્યક્ષેત્રમાં આવેલા અલગ-અલગ સ્થળોના વીજ કનેક્શનોમાં ઊર્જા એડજસ્ટ કરી શકાશે. એટલે કે, જો કોઈ ગ્રાહકની એકથી વધુ પ્રોપર્ટી હોય તો એક જગ્યાએ ઉત્પન્ન થતી વધારાની સોલાર વીજળી બીજી જગ્યાના વીજ બિલમાં સરભર કરી શકાશે. આથી રહેણાંક સોસાયટીઓ, વ્યાવસાયિક સંકુલો તથા બહુવિધ મિલકત ધરાવતા ગ્રાહકોને મોટો લાભ મળશે.

ડ્રાફ્ટમાં "વર્ચ્યુઅલ નેટ મીટરિંગ"ની પણ મહત્ત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે. તેના અંતર્ગત સોલાર પ્લાન્ટ ગમે ત્યાં દૂર સ્થાપિત કરાયો હોય તો પણ તેનો આર્થિક લાભ સોસાયટીના અલગ-અલગ ફ્લેટધારકો અથવા ભાગીદાર ગ્રાહકો વચ્ચે વહેંચી શકાશે. જ્યારે "ગ્રોસ મીટરિંગ" વ્યવસ્થામાં ઉત્પન્ન થતી સમગ્ર વીજળી સીધી જ ગ્રીડમાં વેચી શકાશે અને ગ્રાહક પોતાનો વીજ વપરાશ સામાન્ય ગ્રાહકની જેમ ચાલુ રાખી શકશે. નિયમો અનુસાર તમામ કેટેગરીના ગ્રાહકોને 1 કિલોવોટથી લઈને 1000 કિલોવોટ સુધી નેટ મીટરિંગ અને નેટ બિલિંગ હેઠળ DRES સ્થાપવાની મંજૂરી મળશે. જ્યારે ગ્રોસ મીટરિંગ હેઠળ 4000 કિલોવોટ સુધી ક્ષમતા મંજૂર કરવામાં આવશે. ગ્રુપ નેટ મીટરિંગ

...અનુસંધાન પાના ૯ પર

### ગ્રીડમાં વધારાની વીજળી આપ્યા બાદ બચેલી ઊર્જા માટે પ્રતિ યુનિટ રૂ.2.25ના દરે ચૂકવણી

નવા નિયમોમાં બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)ને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. 100 કિલોવોટથી વધુ કરાર આધારિત લોડ ધરાવતા ગ્રાહકો જો કરાર લોડ કરતાં વધુ ક્ષમતાનું DRES સ્થાપે તો વધારાની ક્ષમતાના ઓછામાં ઓછા 50 ટકા માટે બે કલાકની ચાર્જિંગ-ડિસ્ચાર્જિંગ ક્ષમતા ધરાવતી BESS ફરજિયાત રહેશે. ડ્રાફ્ટ મુજબ 10 કિલોવોટ સુધીની DRES અરજીઓને ટેક્નિકલ ફીઝિબિલિટી અભ્યાસ વગર મંજૂર માનવામાં આવશે. ઉપરાંત ડિસ્ટ્રિબ્યુશન લાઇસન્સીઓને ઓનલાઈન વેબ પોર્ટલ શરૂ કરવાની અને સમગ્ર પ્રક્રિયા માટે સમયમર્યાદા નક્કી કરવાની ફરજ પાડવામાં આવી છે. નિયમોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રહેણાંક શ્રેણીના ગ્રાહકોને નેટ મીટરિંગ હેઠળ ગ્રીડમાં વધારાની વીજળી આપ્યા બાદ બચેલી ઊર્જા માટે પ્રતિ યુનિટ રૂ. 2.25ના દરે ચૂકવણી કરવામાં આવશે. ઉપરાંત, વિતરણ કંપનીઓ દ્વારા પ્રક્રિયામાં વિલંબ કરવામાં આવે તો ગ્રાહકને પ્રતિ દિવસ ઓછામાં ઓછા રૂ. 500 વળતર ચૂકવવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.



(તસવીર : સતીષ જાદવ)

# વેસુમાં 13 માળની જૈનમ ગ્રાન્ટ અલ્ટિમાં બિલ્ડીંગમાં 9મા માળે આગ

**સી** વિંગના 9માં માળે આગ લાગતા ગભરાઈને ટેરેસ પર પહોંચી ગયેલા ઉપરના માળના રહેવાસીઓને ફાયર જવાનોએ રેસ્ક્યુ કરી બચાવી લીધા

સુરતઃ શહેરના વેસુ વિસ્તારમાં જૈનમ ગ્રાન્ટ અલ્ટિમા નામની હાઈરાઈઝ બિલ્ડિંગના નવમા માળે શુક્રવારે વહેલી સવારે આગ લાગી ગઈ હતી. આગની લપટો અને ધુમાડાના ગોટે ગોટા દૂર દૂરથી દેખાવવા લાગ્યા હતા. જ્યારે આગની આ ઘટનાને પગલે બિલ્ડિંગના રહીશોમાં ભાગદોડ અને ભયનો માહોલ ફેલાઇ ગયો હતો. એટલું જ નહીં બાળકો, વડીલો અને મહિલાઓ ખૂબ જ ગભરાઇ ગયા હતા અને જીવ બચાવવા માટે ઉપરના માળે

...અનુસંધાન પાના ૯ પર

### 11 લોકોને બચાવી લેવાયા, ચાર માળે રહેતા 60 લોકો બહાર દોડી ગયા



બિલ્ડિંગમાં નવમા, દસમા, અગિયારમાં તથા બારમા માળ ઉપરનાં ફ્લેટમાં રહેતા સભ્યો આગને કારણે ફસાઇ ગયા હતાં. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા 90 મીટરના હાઇડ્રોલિક પ્લેટફોર્મની મદદથી બિલ્ડિંગમાં રહેતાં 11 જેટલાં સભ્યોનુ રેસ્ક્યુ કરાયું હતું. જેમાં બાળકો,મહિલાઓ અને વડીલો સહિતના લોકોનાં સમાવેશ થાય છે. ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલાં કેટલાક લોકો અલગ અલગ ફ્લોર અને ટેરેસ ઉપર ચડી ગયા હતા. 9 થી 13 માળના ફ્લેટમાં રહેતા 60થી વધુ લોકો દોડીને નીચે આવી જતા હાશકારો અનુભવાયો હતો. જેને બચાવવામાં આવ્યા તેમાં (1) પિંકી બેન (ઉ.વ.45 ફ્લેટ-નં 904) (2) અંશુલ સુરાના (ઉ.વ.48 ફ્લેટ-નં-1002) (3) ભ્રમતા સુરાના (ઉ.વ.40 નં-1002) (4) દિપક ચેતવાની (ઉ.વ.49 ફ્લેટ-નં-1103) (5) જ્યોતિબેન દિપકકુમાર (ઉ.વ.45 ફ્લેટ-નં-1103) (6) હાર્દિક પંચાલ (ઉ.વ.48 ફ્લેટ-નં-1102) (7) રમણિક કે.જાની (ઉ.વ.68-12મો માળ) (8) જલ્પનાબેન કે.ભાટ (ઉ.વ.40,બારમો માળ) (9) પ્રતિમાબેન જાની (ઉ.વ.61, બારમો માળ) (10) જિયાન જાની (ઉ.વ.9,બારમો માળ) (11) આર્ય ભાલ (ઉ.વ.11,બારમો માળ) નો સમાવેશ થતો હતો.

### જે ફ્લેટમાં આગ લાગી તે પરિવાર મુંબઇ રહેતો હોવાથી જાનહાનિ ટળી

ફાયર બ્રિગેડના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ ફ્લેટ અશોક ભોગીલાલ શાહની માલીકીનો છે પરંતુ લાંબા સમયથી બંધ હતો કારણ કે પરિવાર મુંબઇમાં રહે છે. આગ એટલી ભીષણ હતી અને આખા ફ્લેટની અંદર

...અનુસંધાન પાના ૯ પર

### આગની હિટિંગને કારણે આજુબાજુનાં ફ્લેટના દરવાજા પણ બળી ગયા



વેસુ કેનાલ રોડ ખાતે આવેલ અગ્રવાલ સ્કૂલની પાછળ જૈનમ ગ્રાન્ડ અલ્ટિમા બિલ્ડિંગનાં ફ્લેટનં-903માં આગ લાગી હતી.એક ફ્લોર ઉપર ચાર ફ્લેટો આવ્યા છે.આજે સવારે જે ફ્લેટમાં આગ લાગી હતી તે ફ્લેટ બંધ અવસ્થામાં હતો.ફાયર સબ ઓફિસર રોહિત ખલાસી એ જણાવ્યું હતુ કે,જ્યારે તેમની ટીમ નવમા માળે પહોંચી હતી ત્યારે અન્ય ફ્લેટમાં સભ્યો સુતા હતા,ફાયર બ્રિગેડની ટીમે ફ્લેટનાં દરવાજા ખખડાવીને તેમને જગાડ્યા હતા અને તમામ સભ્યોને

...અનુસંધાન પાના ૯ પર

### ઉકાઈ ડેમના જળસ્તરમાં ૨૫ વર્ષની મોટી હિલચાલ

# ઉકાઈમાં સતત છ વર્ષથી પાણીનું પ્રારંભિક સ્તર ૩૦૫ ફૂટથી વધુ

**વર્ષ** ૨૦૦૬માં ડેમનું મહત્તમ સ્તર ૩૪૬.૦૭ ફૂટ સાથે ઈતિહાસમાં સૌથી વધારે

**૨૦૧૮** સૌથી નબળું વર્ષ, ૨૦૦૬ અને ૨૦૨૧ શ્રેષ્ઠ વર્ષોમાં



(તસવીર : પ્રતિકાત્મક તસવીર)

સુરતઃ દક્ષિણ ગુજરાતની જીવનરેખા ગણાતા ઉકાઈ ડેમના છેલ્લા ૨૫ વર્ષના જળસ્તરના આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ડેમની પાણી સંગ્રહ સ્થિતિ સતત મજબૂત બની રહી છે. ખાસ કરીને વર્ષ ૨૦૨૬માં સિઝનની શરૂઆત સમયે ડેમનું લઘુત્તમ જળસ્તર ૩૧૮.૨૭ ફૂટ નોંધાતા આ વર્ષ છેલ્લા 25 વર્ષના સૌથી ઊંચા પ્રારંભિક સ્તરોમાં સ્થાન પામ્યું છે. જોકે હજી સપાટી બીજી ત્રણેક ફુટ ઘટશે.

આંકડાઓ મુજબ ૨૦૦૧થી ૨૦૧૦ દરમિયાન ઉકાઈ ડેમનું

...અનુસંધાન પાના ૯ પર

### ૨૫ વર્ષના સિઝનની શરૂઆતે લઘુત્તમ સ્તર અને સિઝનના અંતે મહત્તમ સ્તરની વિગતો

| વર્ષ | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| ૨૦૦૧ | ૩૨૨.૫૪ | ૨૭૨.૧૧ |
| ૨૦૦૨ | ૩૪૧.૨૬ | ૨૮૦.૯૫ |
| ૨૦૦૩ | ૩૪૩.૮૧ | ૨૯૪.૬૦ |
| ૨૦૦૪ | ૩૩૧.૯૫ | ૨૮૮.૭૬ |
| ૨૦૦૫ | ૩૪૨.૨૦ | ૨૭૯.૬૭ |
| ૨૦૦૬ | ૩૪૬.૦૭ | ૨૯૭.૫૬ |
| ૨૦૦૭ | ૩૪૪.૨૦ | ૨૯૧.૨૩ |
| ૨૦૦૮ | ૩૩૫.૪૬ | ૨૯૨.૯૨ |
| ૨૦૦૯ | ૩૨૬.૭૧ | ૨૮૮.૫૦ |
| ૨૦૧૦ | ૩૪૦.૫૭ | ૨૮૫.૧૫ |
| ૨૦૧૧ | ૩૪૨.૩૧ | ૩૦૬.૯૫ |
| ૨૦૧૨ | ૩૪૨.૨૧ | ૩૦૦.૧૪ |
| ૨૦૧૩ | ૩૪૪.૬૫ | ૩૦૬.૧૫ |
| ૨૦૧૪ | ૩૪૦.૮૫ | ૩૦૧.૨૦ |
| ૨૦૧૫ | ૩૩૬.૦૯ | ૨૯૫.૦૦ |
| ૨૦૧૬ | ૩૪૨.૭૨ | ૨૮૩.૫૫ |
| ૨૦૧૭ | ૩૨૪.૨૪ | ૩૦૬.૭૪ |
| ૨૦૧૮ | ૩૧૯.૦૭ | ૨૮૪.૯૯ |
| ૨૦૧૯ | ૩૪૫.૦૪ | ૨૭૫.૬૮ |
| ૨૦૨૦ | ૩૪૫.૦૦ | ૩૧૭.૬૦ |
| ૨૦૨૧ | ૩૪૫.૫૨ | ૩૧૨.૬૮ |
| ૨૦૨૨ | ૩૪૫.૩૫ | ૩૧૫.૩૩ |
| ૨૦૨૩ | ૩૪૫.૦૧ | ૩૦૮.૨૨ |
| ૨૦૨૪ | ૩૪૫.૦૦ | ૩૦૫.૩૯ |
| ૨૦૨૫ | ૩૪૫.૦૨ | ૩૧૪.૬૨ |
| ૨૦૨૬ | - | ૩૧૮.૨૭ |

### ખેડૂતો અને શહેરો માટે આશાજનક પરિસ્થિતિ

ઉકાઈ ડેમનું ઊંચું પ્રારંભિક જળસ્તર સુરત, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ માટે સકારાત્મક સંકેત માનવામાં આવી રહ્યું છે. ખેડૂતો માટે ઉનાળાની સિંચાઈની ચિંતા ઓછી થશે, જ્યારે શહેરોમાં પીવાના પાણીની ઉપલબ્ધિ પણ વધુ સુનિશ્ચિત બનશે. ઉપરાંત ડેમમાં પાણીનું ઊંચું સ્તર હાઇડ્રો પાવર ઉત્પાદન માટે પણ લાભદાયક સાબિત થઈ શકે છે.

### ૨૫ વર્ષના આંકડાઓનું વિશ્લેષણ

- ૨૦૦૧માં સૌથી નીચું પ્રારંભિક સ્તર ૨૭૨.૧૧ ફૂટ નોંધાયું હતું.
- ૨૦૨૬માં ૩૧૮.૨૭ ફૂટ સાથે સૌથી મજબૂત શરૂઆતમાં સ્થાન મળ્યું.
- ૨૦૦૬માં સર્વોચ્ચ મહત્તમ સ્તર

...અનુસંધાન પાના ૯ પર

### ૨૦૧૮ સૌથી નબળું વર્ષ સાબિત થયું

પાણીની સ્થિતિની દૃષ્ટિએ વર્ષ ૨૦૧૮ સૌથી ચિંતાજનક રહ્યું હતું. તે વર્ષે ડેમનું મહત્તમ સ્તર માત્ર ૩૧૯.૦૭ ફૂટ સુધી જ પહોંચ્યું હતું. ૨૦૧૭માં પણ મહત્તમ સ્તર ૩૨૪.૨૪ ફૂટ રહ્યું હતું, જે સામાન્ય વર્ષોની

...અનુસંધાન પાના ૯ પર

### છેલ્લા દાયકામાં પાણીની સ્થિતિ વધુ સ્થિર

૨૦૧૧ પછીના આંકડાઓ દર્શાવે છે કે ડેમના લઘુત્તમ સ્તરમાં પણ સતત સુધારો નોંધાયો છે. અગાઉ જ્યાં ઉનાળાની શરૂઆતમાં પાણીનું સ્તર ૨૮૦ ફૂટ આસપાસ પહોંચી જતું હતું, ત્યાં હવે સતત ૩૦૦ ફૂટથી વધુ જળસ્તર નોંધાઈ રહ્યું છે. ખાસ કરીને ૨૦૨૦ પછી ઉકાઈ ડેમમાં પાણીનો જથ્થો સતત મજબૂત રહેતા દક્ષિણ ગુજરાતના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી તેમજ સિંચાઈ માટે મોટી રાહત મળી રહી છે.

# આમોદમાં બે બાળકોને કૂતરાંઓએ બચકાં ભર્યાં





**રખડતા** કૂતરાંથી બાળકો સહિત વાલીઓ ભયભીત બન્યા

આમોદ, ભરૂચઃ આમોદ નગર સહિત સમગ્ર તાલુકામાં રખડતાં શ્વાનનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં જ તાલુકાનાં બે અલગ-અલગ ગામોમાં રખડતા શ્વાનોએ બે માસૂમ બાળકોને પોતાનો શિકાર બનાવ્યા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. શ્વાનના હુમલામાં બંને બાળકો લોહીલુહાણ થઈ ગયાં હતાં.

મળતી માહિતી મુજબ આમોદના ભીમપુરા ગામમાં અચાનક ધસી આવેલા રખડતા શ્વાને બાળકના પર હુમલો કરી દીધો હતો. શ્વાને બાળકોને શરીરે અનેક જગ્યાએ બચકાં ભરી લેતાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો અને ચીસાચીસ કરી મૂકી હતી. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને બાળકને શ્વાનના ચુંગાલમાંથી છોડાવ્યો હતો. જ્યારે કાકરિયામાં પણ એક બાળકને કૂતરાએ બચકું ભર્યું હતું. બંને બનાવમાં માતા-પિતા દ્વારા ઈજાગ્રસ્ત બાળકોને તાત્કાલિક સારવાર અર્થે આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબો દ્વારા પ્રાથમિક સારવાર આપી બાળકોની સ્થિતિ પર દેખરેખ રાખવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકના વાલીઓમાં

...અનુસંધાન પાના ૯ પર

# ભાજપના નેતાની હત્યામાં એક જલગાંવથી ઝડપાયો

**મિલિન્દ** કોળી ચોપડામાં સંતાયો હતો

**સૂત્રધાર** કિશન ઉર્ફે ચકલીની જાણકારી પણ પોલીસને મળી ગઇ

સુરતઃ ઉધનામાં યુવા ભાજપના નેતાની સરાજાહેર હત્યા કરવાના ગુનામાં એકની જલગાંવના ચોપડા ખાતેથી ધરપકડ કરવામાં આવી છે.

ગઈ તા. 17મી ને રવિવારે રાત્રે સાડા બાર વાગ્યે ઉધના રોડ નં.6 પર યુવા ભાજપના નેતા જય દલાલની ચપ્પુના ચાર ઘા ઝીંકી જાહેરમાં હત્યા કરવાના ગુનામાં ત્રણ રીઢા ગુનેગારો કિસન ઉર્ફે ચકલી સોમા પરમાર, પંકજ પાટીલ અને મિલિન્દ કોળીને પોલીસ સોમવારથી શોધી રહી હતી. જે ત્રણેય જલગાંવ વિસ્તારમાં ભાગી ગયાનું પોલીસને જણાતાં પોલીસની ચાર ટીમ જલગાંવના વિવિધ વિસ્તારોમાં તપાસ કરી રહી હતી. દરમિયાન મિલિન્દ નવલ કોળી જલગાંવના

...અનુસંધાન પાના ૯ પર

### ઇન્ડસ્ટ્રિયલ પ્લોટના લીઝ ટ્રાન્સફર મામલે ઐતિહાસિક રાહત

# GIDCમાં પ્લોટની લીઝ ટ્રાન્સફર પર હવે GST નહીં લાગેઃ સુપ્રીમ

**સુપ્રીમ** કોર્ટે રેવન્યુ વિભાગની સ્પેશિયલ લાઈવ પિટિશન ફગાવી, બોમ્બે હાઈકોર્ટના ચુકાદાને માન્ય રાખ્યો

સુરત : સુરત, ગુજરાત,મહારાષ્ટ્ર સહિત દેશભરની જીઆઈડીસીને સ્પર્શતા એક મામલામાં સુપ્રીમ કોર્ટે ઉધોગકારોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

18% GSTનો વિરોધ નોંધાવી સુરતમાં આ મામલો સચિન ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીના સેક્રેટરી મયૂર ગોળવાલા અને અમદાવાદમાં ગુજરાત ચેમ્બરના અગ્રણી પટવારીએ ઉઠાવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન પણ દાખલ કરવામાં આવી હતી.

...અનુસંધાન પાના ૯ પર

### ગુજરાત ચેમ્બર કેસનો ઉલ્લેખ પણ ફગાવ્યો

સરકાર તરફે રેવન્યૂ વિભાગે સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી હતી કે ગુજરાત હાઈકોર્ટના "ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ" સંબંધિત ચુકાદા સામે પડકાર બાકી છે. જો કે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, દરેક કેસ તેનાં અલગ તથ્યો અને પરિસ્થિતિઓ પર આધારિત હોય છે અને અમને આ કેસમાં બોમ્બે હાઈકોર્ટનો નિર્ણય યોગ્ય છે.

### સુરત અને અમદાવાદની નોટિફાઇડ GIDCએ ઉઠાવેલા મુદ્દાને સુપ્રીમ કોર્ટે પરોક્ષ રીતે માન્ય ગણ્યોઃ મયૂર ગોળવાલા

સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા અંગે પ્રતિક્રિયા આપતા સચિન ઇન્ડસ્ટ્રિયલ સોસાયટી વતી સરકારમાં રજૂઆત કરનાર મયૂર ગોળવાલાએ કહ્યું હતું કે, દેશની સર્વોચ્ચ અદાલતનો આ ચુકાદો દેશની તમામ GIDC ઓને લાગુ પડે છે. હવે GIDC પ્લોટના ટ્રાન્સફર માટેની લીઝ પર GST લાગુ નહીં પડે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. આ નિર્ણયથી સચિન સહિતની રાજ્યની જીઆઈડીસીના

...અનુસંધાન પાના ૯ પર

# જૂનથી દમણ ખાતે એરપોર્ટ શરૂ થઈ જશે

**મરવડ** હોસ્પિટલ અને નવા એરપોર્ટ ટર્મિનલનું વડાપ્રધાન લોકાર્પણ કરશે

**દમણ**-દિલ્હી, દમણ-મુંબઈ અને દમણ-અમદાવાદ વચ્ચે એર કનેક્ટિવિટી શરૂ થશે

દમણ : દેશના વડાપ્રધાન અગાઉ દમણની સાથે દાનહ અને દીવની સાત વાર મુલાકાતે આવી વિવિધ વિકાસીય કાર્યોનું લોકાપર્ણ કરી ચૂક્યા છે. ત્યારે દમણમાં 100 કરોડના ખર્ચે 1 લાખ ચોરસ મીટરની જગ્યામાં તૈયાર થયેલ અત્યાધુનિક એરપોર્ટ ટર્મિનલ અને 250 કરોડના ખર્ચે તૈયાર થયેલી આધુનિક સુવિધાઓથી સજ્જ મરવડ હોસ્પિટલના લોકાર્પણ હેતુ આઠમી વખત વડાપ્રધાન જૂનના પ્રથમ સપ્તાહમાં દમણની સંભવિત મુલાકાતે આવી રહ્યા છે. આ માટે તડામાર તૈયારીઓ કરી રહ્યું છે. વડાપ્રધાનને આવકારવા કયા કાર્યક્રમો કરી શકાય તેવા હેતુથી પ્રશાસક પ્રફુલ પટેલે બેઠકનું આયોજન કર્યુ હતું. જેમાં જનપ્રતિનિધિઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકો

...અનુસંધાન પાના ૯ પર

### 1 લી જૂનથી હોટલ સંચાલકોએ 30 સાઈકલ હોટલમાં રાખવા આહવાન

પ્રશાસક પ્રફુલ પટેલે ઈંધણનો મર્યાદિત ઉપયોગ થઈ શકે અને લોકો સાયકલ અને ઈ.વી. વાહનો તરફ વળે તેવા આશય સાથે 1 લી જૂનથી દમણના નમોપથ અને રામસેતુ રસ્તા પર નો વ્હિકલ ઝોન જાહેર કર્યો છે. જેનું ચુસ્તપણે પાલન થાય તેવા આદેશ આપી

...અનુસંધાન પાના ૯ પર

### કાર્યક્રમના દિવસે વાહન વ્યવસ્થા પ્રશાસન દ્વારા કરવામાં આવશે નહીં

પ્રશાસક પ્રફુલ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના કાર્યક્રમમાં કોઈ પણ પ્રકારના વાહનો અને બસની વ્યવસ્થા સરકાર કે પ્રશાસન દ્વારા કરવામાં આવશે નહીં. કાર્યક્રમના દિવસે જનપ્રતિનિધિઓએ સભા સ્થળ પર તેમના દ્વારા લાવવામાં આવતી બસમાં જ લોકો સાથે આવવાનું રહશે. સાથે સરકારી કર્મચારીઓને પણ એકલા પોતાની કારમાં આવવાની જગ્યાએ કાર પુલિંગને પ્રોત્સાહન આપવાનું રહશે. પ્રશાસક મેડિકલ કોલેજની જે 177 બેઠક છે તેની જગ્યાએ 200 સીટ ફાળવાઈ તેવી દરખાસ્ત પ્રધાનમંત્રીને કરશે. સાથે કેરાલામાં આયુર્વેદિક પદ્ધતિથી અપાતી ટ્રીટમેન્ટ જેવી થેરેપી આયુર્વેદિક સેન્ટર સેલવાસના પાટી ગામમાં બની રહ્યું છે તેનું કાર્ય જુલાઈ મહિનામાં પૂર્ણ કરવાની ખાત્રી આપી છે. સાથે તેમણે ઉપસ્થિત તમામ લોકોને વડાપ્રધાનને દમણ આવવા માટે ઈમેલ મારફતે આમંત્રણ પાઠવવાનું આહવાન કર્યું છે.


**ફ્લેટ વેચાણથી આપવાનો છે**

યોગીનારાયણ એપાર્ટમેન્ટ, ગોધા મોહલ્લો, નાનપુરા, વોર્ડ નં. 1, નોંધ નં.1514, રોડ સાઇડ, પહેલા માળે, 4 એ તથા 4 બી,

મો.8980334161

દલાલોએ તસ્દી લેવી.

**સ્ટાફ જોઈએ છે**

- **એકાઉન્ટન્ટ** ટેલી પ્રોગ્રામના જાણકાર તથા ગુજરાતી / અંગ્રેજી ટાઈપીંગની જાણકારી હોવી જરૂરી.
- **સાઈટ સુપરવાઈઝર** કન્સ્ટ્રકશન સાઈટ પર દરેક બાબતનું સંચાલન કરી શકે તેવા.
- **રેવન્યુ કલાર્ક** સરકારી કામકાજ તથા ગુજરાતી / અંગ્રેજી ટાઈપીંગની જાણકારી હોવી જરૂરી.

: મળવાનું સરનામું :

રસ ધરાવનાર વ્યકિતએ તા.૨૮/૦૫/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે, ૧૦૧, રાધાકિષ્ના કોમ્પલેક્ષ, લક્ષ્મીકાંત સોસાયટીની વાડીની સામે, કતારગામ, સુરત.

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**ચૌદમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. રમણભાઈ દલપતભાઈ પટેલ (R.D.Patel) (બલકશ) સ્વ.તા. ૨૩/૦૫/૨૦૧૨

આપના અમુલ્ય આદર્શો, અથાગ પરિશ્રમ, સાદગીભર્યું જીવન તથા સચ્ચાઈ હંમેશા અમારા પ્રેરણાસ્ત્રોત રહયા છે અને રહેશે, આપની ચિરવિદાયને આજે ચૌદ વર્ષ પુરા થયા છે ત્યારે પ્રભુ આપના દિવ્યતમ આત્માને પરમશાંતિ બક્ષે એ જ પરિવારની પ્રાર્થના.

લિ.

ચંદુભાઈ દલપતભાઈ પટેલ, યોગેશ મોહનભાઈ પટેલ, રતિલાલ દલપતભાઈ પટેલ, ચેતન મોહનભાઈ પટેલ, રોહિત મોહનભાઈ પટેલ, હિરેન રતિલાલ પટેલ, દેવાંગ ચંદુભાઈ પટેલ, ધ્વનિલ રમણભાઈ પટેલ, રૂચિ વત્સલકુમાર પટેલ

**પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. લલીતાબેન રમેશભાઈ આહીર સ્વ. તા. ૨૩/૦૫/૨૦૨૧

રડી પડે છે આંખો અમારી જોઈ મીઠી તસ્વીર તમારી, દરેક પ્રસંગે ખટકશે અમોને ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા ઈશ્વરને પુછીશું તમારા ખજાને ક્યાં ખોટ પડી, અમારે જેની જરૂર હતી, તેની તમોને શું જરૂર પડી. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી હૃદયપૂર્વક પ્રાર્થના.

લિ.

રમેશભાઈ પરભુભાઈ આહીર (પતિ), મનીષભાઈ રમેશભાઈ આહીર (પુત્ર), કલ્પેશભાઈ રમેશભાઈ આહીર(પુત્ર), વર્ષાબેન હસમુખભાઈ આહીર (પુત્રી)

મુ.પો. કુદિયાણા,તા.ઓલપાડ,જી.સુરત.

**॥ પહેલી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ ॥**



સ્વ. હિમાંશુભાઈ હસમુખભાઈ ગજ્જર સ્વ. તા. ૨૩/૦૫/૨૦૨૫

પ્રકૃતિનાં ક્રમ ને બદલી શકાતો નથી, દેહ નાશ પામે છે, પણ આત્મા નાશ પામતો નથી. આપ આત્મા સ્વરૂપે જયાં હો ત્યાં પરમ સુખ અને શાશ્વત શાંતિ પામો એવી અમારી હાર્દિક શ્રદ્ધાંજલિ.

લિ. સમસ્ત ગજ્જર પરિવાર